સર્ગ ૨

# નિર્ણય માગતો પ્રશ્ન

સત્યવાનના મૃત્યુનો દિવસ આવ્યો. સાવિત્રી વિચારનાં ઊંડાં ક્ષેત્રોમાં ઊતરી પડી. એનું મન વર્તમાનમાંથી ભૂતકાળનાં દૃશ્યો તરફ ઊલટી ગતિએ વળ્યું. એનો સાક્ષી આત્મા બાલ્ય, કૌમાર્ય, યૌવન અને તે સમયનાં સ્નેહીજનોને અવલોકતો ઊભો. એક દિવસમાં પોતાના ભાગ્યનું એક આખું વર્ષ જિવાઈ ગયું, મૃત્યુની ઘોર છાયામાં સ્વર્ગ નરકની સાથે સ્પર્ધામાં ઊતરેલું અનુભવાયું.

પ્રભુની નિકટતા પ્રાપ્ત થવાની હોય છે ત્યારે અલૌકિક પ્રકારનો જે એક અંધકાર માણસ ઉપર કદી કદી ઊતરી આવે છે તે સાવિત્રી ઉપર પણ હવે ઊતર્યો.

બહારની ચેતનામાંથી નીકળીને અંદરની ઊંડી આત્મચેતના સાથે તદાકારતા સાધવાનું સાવિત્રી માટે હવે અનિવાર્ય બની ગયું. કારણ કે હવે એ એક એવી સીમાએ પહોંચી હતી કે જીવન જ્યારે સાવ નિરર્થક બની જાય, યા તો પોતે પોતાના આત્માના અમર અંશમાં ઉદ્‌બોધ પામી પોતાના સંકલ્પથી દેહના ભાવિને રદ કરી નાખે. કેમ કે કેવળ અજન્મા અને અકાળ આત્માની શક્તિ જ કાળમાં થયેલા જન્મ ઉપરની ઝૂંસરીને ઉતારી શકે છે, ભૂતકાળનાં આપણાં બદલાતાં રહેલાં નામ-રૂપોનો વારસો લેવાની ના પાડી શકે છે.

આપણું અત્યારનું પ્રારબ્ધ ભૂતકાળની શક્તિઓનું સંતાન છે. એ ભૂતકાળની કર્મશૃંખલાના અંકોડા તોડી નાખી ને ત્યાંનું બધું જમીનદોસ્ત કરી દઈ પોતાનું ભાવિ નવેસર ઘડવાનું સાવિત્રી માટે હવે આવશ્યક બની ગયું હતું, આખા વિશ્વની સામે પોતાના એકમાત્ર આત્માને પલ્લામાં મૂકવાનો હતો, મૃત્યુમયી મહાગુહામાં પોતાનો અસ્તિનો અને પ્રેમનો દાવો સિદ્ધ કરવાનો હતો, અમર્ત્ય મૃત્યુની સામે મીટ શું મીટ મિલાવવાની હતી, પોતાના દિગંબર આત્મા વડે અંતહીન રાત્રિનું માપ લેવાનું હતું.

સાવિત્રીના છેલ્લા દિવસો ભારે પગલે પસાર થયા. અનેક સુખી અજ્ઞાન હૃદયોની વચ્ચે એક એને જ કાળમીંઢ ઘડીનું ભાન હતું. જગતને ખબર ન 'તી, છતાં એ યમ સામેના દ્વન્દ્વમાં જગતને માટે ઊભી થઈ. પોતાના અંતરના બળ સિવાયનું બીજું એકે બળ એની સહાયમાં હતું નહિ. ઊર્ધ્વમાં દેવો ને નીચે નિસર્ગનો આત્મા આ મહાયુદ્ધના પ્રેક્ષકો બન્યા હતા.

એની આસપાસ હતું મહાવન. એમાં રહીને જ એણે પોતાના આત્માની

ઉત્તુંગતા અને સીમાહીન વિશાળતા પ્રાપ્ત કરી હતી; એમાં જ એનાં ચિદંબર ચિંતનો ચાલ્યાં હતાં; પ્રભુને પધરાવવા માટેનો ઊંડો અવકાશ ત્યાં જ એને મળ્યો હતો. અહીંયાં જ એને અલૌકિક આવાગમનોની બાબતમાં થાય છે તેમ પ્રેમનો પ્રથમ પરિચય થયો હતો. મૃત્યુની છાયાને છુપાવી દેતા એ પ્રેમે સાવિત્રીની અંદર પોતાને માટે પરમપૂર્ણ મંદિર મેળવ્યું હતું. સાવિત્રીનો આત્મા વિચારના માર્ગો વટાવી અમર વસ્તુઓની તરફ ઊડતો હતો. એનો આત્મસ્થ સંકલ્પ ઠોકરાતો ન 'તો, એનું મન શુભ્ર સદ્‌ભાવના સાગર જેવું બની ગયું હતું ને એક પણ કલુષિત તરંગ એમાં ઊઠતો નહોતો. ઉષા સમાન ઉલ્લસતું સાવિત્રીનું શરીર આનંદથી આંદોલિત થતા મૌનનું ધામ હતું, પારની દિવ્યતાઓના સોનેરી દ્વાર સમું શોભતું હતું. એને પગલે પગલે હતા અમર લયો, એની દૃષ્ટિ અને એનું સ્મિત પાર્થિવતામાંય દૈવી ભાવો જગાડતાં હતાં, એનો સાન્દ્ર આનંદ મનુષ્યોનાં જીવનો પર પાર પારની સુન્દરતાને સહેલાવતો હતો. ઉદારતામાં એ હતી સાગર સમાણી યા તો અસીમ આકાશના જેવી, આસપાસનાંનું એ આશ્વાસન હતી. એને દર્શને આશા જાગતી. એની હૂંફમાં સૌ સમાતાં, એનામાંથી સુખશાંતિ મેળવતાં. એનો દયાભાવ અંતરની સહાય આપતો. આખાય વિશ્વને આશ્રય આપી શકે એવો પારાવાર એનો પ્રેમ હતો. અતૃપ્ત પ્રેમના મહિમાવંતા દેવે એને પોતાનું ધામ બનાવી હતી. એનો ઉચ્છ્‌વાસ સર્વને દિવ્ય દિવ્ય બનાવી દેતો. એનામાં આવ્યું હતું દેવોનું દૈવત અને મહાસમર્થ મૌન. પરમપ્રેમને સાવિત્રીમાં પોતાનું સનાતન સદન સંપ્રાપ્ત થયું હતું.

અત્યાર સુધી એકે શોકરેખા એના ઉજ્જવલ માર્ગની આડે આવી નહોતી. ઊર્ધ્વલોકથી આવી એણે પાર્થિવ જીવનમાં પ્રવેશ કર્યો હતો, છતાંય એની દૃષ્ટિ સુખિયા સ્વર્ગતારકો પ્રત્યે ઊઘડેલી રહેતી હતી. ત્યાંના આનંદસભર સૌન્દર્યની સ્મૃતિ એનામાં સતેજ હતી. આણજન્મેલાં ઓજોની નિરાપદ મુક્તિ એની બની ગયેલી હતી. દેવોનાં પગલાંને તાલે તાલે એ ચાલતી. સ્વર્લોકોનો અધ્યાત્મ આનંદ એના આત્માની સ્વચ્છ આરસીમાં પ્રતિબિંબિત થતો હતો.

વળી સાવિત્રીના પ્રકાશમાં રહેનારાઓ તો સનાતન ધામોમાંથી એની પાછળ ઊતરી આવેલા એના લીલાના સહચરનેય જાણે જોતા હતા. દિવ્ય કાર્ય લઈને આવેલી આ બાલાને સ્વર્ગની ઢાલનું રક્ષણ મળેલું હતું. એનું બાલ્ય આમ એક કાન્તિમતી કક્ષા જેવું બની ગયું હતું, એનું યૌવન પ્રશાન્ત મહાસુખને સિંહાસને સમારૂઢ હતું.

પણ આનંદ અંત સુધી ટકી રહેતો નથી. સાવિત્રી ઉપરેય અપરિહાર્ય હસ્તે પકડી લીધી. સશસ્ત્ર દેવતા, એવી એ કાળની જાળમાં ઝલાઈ. સાંદિગ્ધ દૈવતે અધૂરા જગતનો ગર્ત નિજાત્માથી પૂરવા માટેનું એને આમંત્રણ આપ્યું, અને જે સર્વને ઓળંગવો જ પડે છે તે ખાડાને વધારે ઊંડો ખોદ્યો. અવતારિણી સાવિત્રીના સામર્થ્યને નિયુક્ત કાર્યની દિશામાં વળવાની એણે ફરજ પાડી.

સાવિત્રીનો જન્મેય આ કાર્ય માટે જ થયેલો હતો, અંગનો એણે આ માટે જ

અંગીકાર કર્યો હતો. અવિદ્યાની અને મર્ત્યતાની સામે લડવા ને અમૃતત્વનો માર્ગ કાપી કાઢવા માટે જ એનું આવાગમન થયું હતું. દૈવની સાથે જુગાર માંડી માનવ આત્મા માટે દૈવી રમતમાં જીતવું કે હારવું એ એના આત્મા આગળ મુદ્દાનો પ્રશ્ન હતો. અજ્ઞાન જગતની આધીનતા સ્વીકારી સહેવા માટે નહિ, પણ એને મુક્તિએ દોરી જવા માટે તો એનો જન્મ હતો. કાળનાં દૈવતોનાં હાથ નીચેની માલમતા કે એમનું રમકડું બની રહેવા માટે એ આવી ન 'તી. એ હતી એક સભાન શરીરિણી, એક સ્વયંભૂ શક્તિ.

પ્રભુની આ અંધકારભરી સમસ્યામાં યદૃચ્છાના ને અવશ્યંભાવિતાના અંધ નિયમો પ્રવર્તે છે, ને ત્યાં અધ્યાત્મ અગ્નિને પોતાની જવાળા અતિશય ઊંચે ઉઠાવવાને અવકાશ હોતો નથી; કેમ કે એ અગ્નિ એકવાર પણ જો આદિ જવાળાનો મેળાપ સાધે તો એના પ્રત્યુત્તરમાં આવતો સ્પર્શ બધાં જ માપને તોડીફોડી નાખે, અનંતના પારાવાર ભારથી પૃથ્વી તારાજ થઈ જાય. પણ કર્મના કાયદા દેવ-દાનવ ઉભયને નિયંત્રણમાં રાખે છે, મરણ શોધમાં નીકળેલી જિંદગીને અટકાવી પાડે છે; અને આ રીતે અચિત્‌ની ગાદી સલામત રહે છે.

પણ એક સાવિત્રી સામે ખડી થઈ ને એણે અનહદ જવાલા જલાવી. નિર્માણના ઘા સામે એણે માથું ટટાર કર્યું. અતિમાનુષ સત્તાએ એનામાં પોતાનું બીજ બોયું હતું. એના આત્માએ પામરોની પ્રથાનો પ્રત્યાદેશ કર્યો.

એ એક આદિષ્ટ કાર્ય કરવા આવી હતી, સનાતનનો શબ્દ સંભળાવવા આવી હતી. પૃથ્વીના આરંભકાળથી એનામાં એક શક્તિએ કાર્ય આરંભ્યું હતું. મૃત્યુ પછીય એ અમર લક્ષ્યોની પાછળ પડેલી રહેતી. પસાર થઈ જતી યદૃચ્છાને આધીન થઈ એ કાળમાં થયેલા પોતાના જન્મનો ઉદ્દેશ પડતો મૂકવા માગતી ન 'તી. એટલે હવે એનો એકલીનો સંકલ્પ સારા વૈશ્વિક નિયમ સામે મંડાયો. ઘોર દૈવના ચક્રને રોકવા માટે એની મહાત્મતા તૈયાર થઈ. ગુપ્ત દ્વારો પરના અણદીઠના ટકોરે ઊંડા હૃદયમાં ઊંઘતું એનું બળ જાગ્રત થયું, અને જે મારે છે તેમ જ તારે છે તે **तत्सत्** નો પ્રહાર એણે અપનાવ્યો.

કોઈ કોઈ વાર આત્માને એક અદ્‌ભુત ઉત્તોલન ઓચિંતું પ્રાપ્ત થઈ જાય છે ને એ અનિર્વચનીયના આવૃત રહેલા અકાલ સંકલ્પને પ્રવર્તમાન બનાવે છે. એકાદ પ્રાર્થના, એકાદ ઉત્કૃષ્ટ કાર્ય, એકાદ રાજા જેવો રાજમાન વિચાર મનુષ્યના સામર્થ્યને પરાત્પર શક્તિ સાથે સંયોજિત કરી દે છે, અને પછી તો ચમત્કાર એક સામાન્ય નિયમ બની જાય છે, એક એકલ વિચાર સર્વશક્તિમાન બની જાય છે.

પણ અત્યારે તો બધું પ્રકૃતિની યંત્રપરંપરા જેવું જણાય છે, ને એ યંત્રોમાં માણસ પણ એક યંત્ર બની ગયેલો હોય છે. તેમ છતાંય જ્ઞાન-પ્રજ્ઞાન ક્રમે ક્રમે આવે છે અને પછી તો પ્રકૃતિનું ઓજાર બનેલો માણસ પ્રકૃતિનો રાજા બની જાય છે. એનો આત્મા પ્રકૃતિથી અળગો પડી પાછળ હઠી જાય છે અને પરમ જ્યોતિને

જુએ છે, જડ યંત્રની પાછળ ઊભેલા પ્રભુનાં દર્શન કરે છે.

પ્રસ્ફોટ પામતી વિજયી જ્વાલાને સ્વરૂપે આ સત્ય હવે સાવિત્રીની દૃષ્ટિ સમક્ષ પ્રકાશ પામ્યું. માનવમાં રહેલા પ્રભુનો જયજયકાર થયો. સાવિત્રીના માનવ સ્વરૂપમાં સાક્ષાત્ જગદંબા પ્રાદુર્ભાવ પામી, અને એના જીવંત સંકલ્પે નિર્માણચક્રને પાછું હડસેલ્યું અને અનિવાર્યતાની આગેકૂચને અટકાવી, અર્ચિષ્માન યોદ્ધાએ નિવારાયેલું બંધ બારણું બલાત્કારે ઉઘાડ્યું. પ્રહાર કરીને એણે મૃત્યુના મુખ ઉપરનું મોરું તોડી પાડ્યું, અને ચેતનાના અને કાળના બંધોને છિન્નવિચ્છિન્ન કરી નાખ્યા.